**Question-1** **Period : 1**

♦ નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમમાં લખો.

૧. કોની મદદથી વિશ્વના કોઈ પણ સ્થળે સ્વયં પહોચી શકાય છે ?

(અ) GSP ની (બ) ABC ની (ક) GPS ની (ડ) DPS ની

૨. નીચેના પૈકી કયું અંગ નકશાનું નથી ?

(અ) પ્રમાણમાપ (બ) સ્થાન (ક) રૂઢ સંજ્ઞા (ડ) દિશા

૩. ↑ તીરનું નિશાન કઈ દિશાનો સંકેત કરે છે ?


(અ) ઉત્તર (બ) દક્ષિણ (ક) પૂર્વ (ડ) પશ્ચિમ

૪. — · · — · · — આ કઈ રૂઢ સંજ્ઞા છે ?

(અ) રાજયની સીમા (બ) જિલ્લાની સીમાં (ક) રેલ માર્ગ (ડ) આંતરરાષ્ટ્રીય સરહદ

૫.  આ કઈ રૂઢ સંજ્ઞા છે ?

(અ) નદી પરનો બંધ (બ) નદી (ક) ઘાટ (ડ) નદીઓનો સંગમ

૬.  આ કઈ રૂઢ સંજ્ઞા છે ?

(અ) શિખર (બ) દીવાદાંડી (ક) ઘાટ (ડ) જંગલો

૭. ભારત માં કુલ કેટલા રાજયો છે ?

(અ) 26 (બ) 27 (ક) 29 (ડ) 31

૮. ચંદ્રગુપ્તની તમામ સિધ્ધઓમાં તેમના કયા ગુરુના માર્ગદર્શને ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો ?

(અ) ગુરુ દ્રોણના (બ) ગુરુ સાંદીપનિના (ક) ગુરુ ચાણકયના (ડ) ગુરુ વિશ્વામિત્રીના

૯. ચંદ્રગુપ્ત મૌર્ય કયા ગ્રીક રાજાને પરાજય આપ્યો હતો ?

(અ) સિંકદરને (બ) મેગેસ્થનિસને (ક) સેલ્યુકસને (ડ) ફિલિપને

૧૦. ચાણકય કયા ગોત્રના હતા ?

(અ) ભારદ્વાજ (બ) કૌટિલ્ય (ક) વરુણ (ડ) અત્રિ

૧૧. અશોકે કેટલામી બૌધ્ધ ધર્મપરિષદ બોલાવી હતી ?

(અ) પહેલી (બ) બીજી (ક) ત્રીજી (ડ) ચોથી

૧૨. ચાણકય કયા વિષયમાં નિપુણ હતા ?

(અ) અર્થશાસ્ત્રમાં (બ) તર્કશાસ્ત્રમાં (ક) સમાજશાસ્ત્રમાં (ડ) માનસશાસ્ત્રમાં

૧૩. ગુપ્તવંશનો સ્થાપક કોણ હતો ?

(અ) શ્રીગુપ્ત (બ) ચંદ્રગુપ્ત પહેલો (ક) સમુદ્ર ગુપ્ત (ડ) ચંદ્રગુપ્ત બીજો

૧૪. કયો ગુપ્ત શાસક 'વિક્રમાદિત્ય' પણ કહેવાયો હતો ?

(અ) સમુદ્રગુપ્ત (બ) ચંદ્રગુપ્ત બીજો (ક) ચંદ્રગુપ્ત પ્રથમ (ડ) શ્રી ગુપ્ત

૧૫. ચંદ્રગુપ્ત બીજાના અવસાન બાદ ગાદી ઉપર કોણ આવ્યું હતુ ?

(અ) કુમાર ગુપ્ત પહેલા (બ) સ્કંદ ગુપ્ત (ક) શ્રી ગુપ્ત (ડ) રામગુપ્ત

૧૬. ગુપ્ત સામ્રજયના વહિવટમાં જિલ્લાને શું કહેવામાં આવતુ ?

(અ) 'પત્રક' (બ) 'પ્રાંત' (ક) 'ગ્રામ' (ડ) 'વિષય'

૧૭. ગુપ્તયુગમાં પ્રાંતના વડા તરીકે કોને મુકવામાં આવતાં ?

(અ) સેનાપતિને (બ) સમ્રાટને (ક) રાજકુમારને (ડ) નગરશ્રેષ્ઠને

૧૮. ભારતની દક્ષિણે કયો મહાસાગર આવેલો છે ?

(અ) એટલેન્ટિક (બ) આર્ક્‌ટિક (ક) હિન્દ (ડ) પેસૅફિક

૧૯. ભારતની ઉત્તર–દક્ષિણ લંબાઈ આશરે કેટલા કિલોમિટર જેટલી છે ?

(અ) 3130 (બ) 3214 (ક) 3090 (ડ) 2433

૨૦. નર્મદા અને તાપી નદીઓ કોને મળે છે ?

(અ) બંગાળના ઉપસાગર (બ) ખંભાત અખાતને (ક) હિન્દ મહાસાગરને (ડ) અરબ સાગરને

૨૧. ભારતમાં કઈ ઋતુ ખેતી માટે ખૂબ અગત્યની ગણાય છે ?

(અ) શિયાળો (બ) ઉનાળો (ક) ચોમાસુ (ડ) પાછા ફરતો મોસમી પવનોની ઋતુ

૨૨. ભારતમાં કઈ દિશામાંથી વાતા મોસમી પવનો સૂકા હોય છે ?

(અ) નૈઋત્ય (બ) ઈશાન (ક) વાયવ્ય (ડ) અગ્નિ

૨૩. કયા પ્રકારના જંગલોને મોસમી પવનો કહેવાય છે ?

(અ) સૂકાં અને ઝાંખરાવાળા (બ) વરસાદી (ક) પહાડી (ડ) પાનખર

૨૪. પંચાયતીરાજનું સૌથી મહત્વનું એકમ કયું છે ?

(અ) જિલ્લા પંચાયત (બ) તાલુકા પંચાયત (ક) ગ્રામ પંચાયત (ડ) સરકાર

૨૫. તાલુકા પંચાયતમાં મહિલાઓ માટે કેટલા ટકા અનામત રાખવામાં આવે છે ?

(અ) 30% (બ) 50% (ક) 33% (ડ) 40%

૨૬. પંચાયતીરાજની ત્રણેય પંચાયતોની મુદત સામાન્ય રીતે કેટલા વર્ષની હોય છે ?

(અ) 5 (બ) 6 (ક) 4 (ડ) 7

૨૭. નગરપાલિકાના વડા કયા નામે ઓળખાય છે ?

(અ) ચીફ ઓફિસર (બ) મેયર (ક) નગરસેવક (ડ) પ્રમુખ

૨૮. મહાનગરપાલિકાના વડા કયા નામે ઓળખાય છે ?

(અ) પ્રમુખ (બ) શાસનધિકારી (ક) મેયર (ડ) કમિશ્નર

૨૯. મેયરની ચૂંટણી કેટલા વર્ષે થાય છે ?

(અ) અઢી વર્ષ (બ) પાંચ વર્ષે (ક) દર વર્ષે (ડ) સાડા ત્રણ વર્ષે

૩૦. પ્રાચીન સમયમાં કોના વગર રાજાઓ અને તેમના રાજયને ટકી રહેવું મુશ્કેલ હતું ?

(અ) સમુદ્ર ગામડાઓ (બ) સમૃધ્ધ નગરશેઠ (ક) ચોકી પહેરો (ડ) સંગીન ગટર યોજના

૩૧. ઉત્તર ભારતમાં ગામનો વડો કયા નામે ઓળખાતો હતો ?

(અ) ગ્રામ સેવક (બ) ગ્રામ ભોજક (ક) મુખી (ડ) સરપંચ

૩૨. નીચેનામાથી કઈ કલાનો સમાવેશ નિદર્શન કલામાં કરી શકાય ?

(અ) ચિત્રકલાનો (બ) સ્થાપત્યકલાનો (ક) નૃત્યકલાનો (ડ) સંગીતકલાનો

૩૩. વેદવ્યાસરચિત મહાભારત પ્રારંભમાં કયા નામે ઓળખાતું હતુ ?

(અ) વૈદિકમહાભારતનો (બ) કુરુસંહિતા (ક) વ્યાસસંહિતા (ડ) જય સંહિતા

૩૪. ગ્રીક અને ભારતીયા કલાશૈલીના સંગમથી ભારતમાં કઈ કલાશૈલી વિકાસ પામી હતી ?

(અ) મથુરાકલા (બ) ગાંધારકલા (ક) મણધીકલા (ડ) ગ્રીકકલા

૩૫. કનિષ્કે બનાવેલા પેશાવરના સ્વરૂપને શું કહેવામાં આવે છે ?

(અ) ''બૌદ્ધ સ્તૂપ'' (બ) 'કનિષ્ક સ્તૂપ' (ક) 'શાહજી કી ડેરી' (ડ) ''બુધ્ધ કી ડેરી''

૩૬. આપણા દેશમાં કેટલા શહેરો છે ?

(અ) 5000 કરતા વધારે (બ) 10,000 કરતાં વધારે (ક) 12,000 કરતાં વધારે (ડ) 15,000 કરતા વધારે

૩૭. આપણા દેશમાં કેટલા નાના–મોટા નગર છે ?

(અ) 31,000 જેટલા (બ) 12,000 જેટલા (ક) 20,000 જેટલા (ડ) 27,000 જેટલા

૩૮. મધુબા કયા ખેડુતના ખેતરમાં મજુરી કરે છે ?

(અ) મોંઘજી ભાઈના (બ) મેઘાજીભાઈના (ક) કરશનભાઈના (ડ) લવજીભાઈ

૩૯. સંચારડા ગામ કયાં આવેલું છે ?

(અ) દરિયાકિનારે (બ) રિક્ષા ચલાવલાનો (ક) મચ્છીમારીને (ડ) પશુપાલનનો

૪૦. ગામમાં સુથારીકામ કરતાં કરશનભાઈ શહેરમાં આવ્યા પછી કયું કામ કરે છે ?

(અ) ધોબીકામ (બ) દૂધ વેચવાનું (ક) રિક્ષા ચલાવવાનું (ડ) શાકભાજી વેંચવાનું

૪૧. રાજસ્થાનથી નવસારી આવેલા જયસિંહ કયુ કામ કરે છે ?

(અ) અગરબતી બનાાવાનું (બ) ચોકલેટ બનાવવાનું (ક) બિહિકટ બનાવવાનું (ડ) આઈસ્કિમ બનાવવાનું

૪૨. ડીસા શહેર કયા જિલ્લામાં આવેલું છે ?

(અ) સાબરકાંઠા (બ) મહેસાણા (ક) પાટણ (ડ) બનાસકાંઠા

૪૩. રામનગરમાં મોટા ભાગના ખેડુતો કયા પાકની ખેતી કરે છે ?

(અ) મકાઈની (બ) બાજરીની (ક) ડાંગરની (ડ) બટાટાની

૪૪. પારાની ભસ્મ બનાવીને તેને ઔષધિ તરીકે વાપરવાની ભલામણ કોણે કરી હતી ?

(અ) આચાર્ય નાર્ગાજુને (બ) વરાહમિહિરે (ક) પાણિનિએ (ડ) વાગભટ્ટ

૪૫. તકરાર (વિવાદ) નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ કયો છે ?

(અ) ગ્રામ અદાલત (બ) લોક અદાલત (ક) સામાજિક નગરસમિતિ (ડ) ગ્રામસભા

---

## Question - 2

(A) યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પુરો.

૧. રંગીન નકશાઓમાં ............... દર્શાવવા કાળો રંગ વપરાય છે.

૨. રંગીન નકશાઓમાં ............... પ્રદેશ દર્શાવવામાં લીલો રંગ વપરાય છે.

૩. નંદવંશના અંતિમ સમ્રાટ ............... ને હરાવીને ચંદ્રગુપ્ત મગધની ગાદી સંભાળી.

૪. આચાર્ય વિષ્ણુગુપ્ત ...............ના નામે ઓળખાય છે. ૫. અશોકના મોટા ભાગના અભિલેખોની લિપિ ............... છે.

૬. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાના સમયમાં રાજયનો ............... વેપાર ખૂબ વધ્યો હતો.

૭. ગુપ્તયુગમાં વૈષ્ણવ સંતો ............... કહેવાતા.

૮. ભારતની દક્ષિણે ............... મહાસાગર આવેલો છે.

૯. ભારતમાં ઉનાળાની ઋતુઓમાં બપોરે ફૂંકાતા ગરમ પવનોને ............... કહે છે.

૧૦. ગુજરાતમાં પંચાયતીરાજનું માળખું ............... સ્તરનું છે. ૧૧. સ્થાનિક સરકારમાં બીજુ સ્તર ............... પંચાયત છે.

૧૨. મામલતદાર તાલુકાના ............... વડા છે.

૧૩. મહાજનપાદ સમયમાં કુવા તરીકે ઓળખાતા ............... મળી આવ્યા.

૧૪. ગ્રીક નાવિક ............... એ ભૂગોળ વિશે લખેલા ગ્રંથમાંથી ભારતના બંદરો વિશે માહિતી મળે છે.

૧૫. ગામડાના લોકો વિવિધ રીતે ............... સાથે જોડાયેલ હોય છે.

...અથવા...

(A) નીચે આપેલા વિધાન સામે (√) કે (×) ની નિશાની કરો.

૧. નકશાની મદદથી કોઈ પણ બે સ્થળો વચ્ચેનું વાસ્તવિક અંતર જાણી શકાય છે ?

૨. રૂઢ સંજ્ઞાઓ એ નકશાનું અંગ છે.

૩. CH એ સર્કિટ હાઉસની રૂઢ સંજ્ઞા છે.

૪. મેગેસ્થનિસ ધ્વારા ઈન્ડિકા અને કલ્હણ ધ્વારા મુદ્રારાક્ષસની રચના કરવામાં આવી હતી.

૫. બિંદુસારના સમયમાં મગધ મૌર્ય સામ્રાજય માંથી સ્વતંત્ર થઈ ગયું.

૬. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાનું મૂળ નામ 'દેવદત્ત' હતું

૭. ગુપ્ત સમયમાં હિન્દી ભાષાને રાજભાષાનું સ્થાન મળ્યું હતું.

૮. કુમારદેવી લિચ્છવી જાતિની કન્યા હતી.

૯. ભારતની ત્રણે બાજુએ દરિયાકિનારો આવેલો છે.

૧૦. ઉત્તરના મેદાનોમાં ગીચ વસ્તી છે.

૧૧. પંચાયતી રાજમાં સૌથી મહત્વનું એકમ તાલુકા પંચાયત છે.

૧૨. મેયર મ્યુનિસિપલ કમિશનરની નિમણુક કરે છે.

૧૩. નારદસ્મૃતિનો સમાવેહા કાયદાગ્રંથમાં થાય છે.

૧૪. સ્તૂપ એટલે બૌધ્ધધર્મના મંદિરોનું પ્રવેશદ્વાર

૧૫. સંચારડા ગામ દરિયાકિનારે આવેલું છે.

૧૬. પર્વતો નદીઓના ઉદ્ગમ સ્થાનો છે.

૧૭. પૃથ્વી સપાટીનો 18% ભાગ ઉચ્ચ પ્રદેશો રોકે છે.

(B) જોડકા જોડો.

(1)

| (A) (વર્તમાન નામ) | (B) (પ્રાચીન નામ) |
|---|---|
| ૧. અલહાબાદ | ૧. ભૃગુકચ્છ |
| ૨. અયોધ્યા | ૨. અણહિલવાડ પાટણ |
| ૩. ભરૂચ | ૩. સ્તંભતીર્થ |
| ૪. ખંભાત | ૪. પ્રયાગરાજ |
| | ૫. સાંકેત |

(૨)

| (A) | (B) |
|---|---|
| ૧. ડિસેમ્બર થી ફેબ્રુઆરી | ૧. ઉનાળો |
| ૨. માર્ચ થી મે | ૨. ચોમાસુ |
| ૩. જૂન થી સપ્ટેમ્બર | ૩. હવામાન |
| ૪. ઓકટોબર થી નવેમ્બર | ૪. શિયાળો |
| | ૫. પાછાં ફરતાં મોસમી પવનોની ઋતુ |

(3) (A) | (B)

| (A) | (B) |
|---|---|
| ૧. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી | ૧. નળ સરોવર |
| ૨. ભારતનું રાષ્ટ્રીય પક્ષી | ૨. ગીરના જંગલો |
| ૩. એશિયાઈ સિંહ | ૩. હાથી |
| ૪. યાયાવર પક્ષીઓ | ૪. મોર |
| | ૫. વાઘ |

(4)

| (A) | (B) |
|---|---|
| ૧. ગેડ પર્વત | A. સાતપુડા |
| ૨. ખંડ પર્વત | B. ગિરનાર |
| ૩. જવાળામુખી | C. અંદમાન–નિકોબાર |
| ૪. અખાત | D. હિમાલય |
| | E. કચ્છ |

(C) મને ઓળખી મારૂ નામ લખો.

૧. હું લિચ્છવી જાતિની રાજકન્યા છું
૨. હું ચંદ્રગુપ્ત બીજાના સમયનો વૈજ્ઞાનિક છું
૭. હું સમગ્ર જિલ્લાનો વહીવટી વડા છું.
૩. હું ગ્રામ પંચાયત નો વડો છું
૪. હું નગર પાલિકાનો વડો છું
૮. હું તકરાર નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ છું.
૫. હું જિલ્લાપંચાયતનો વડો છું
૬. હું મહાનગર પાલિકાનો વડો છું
૧૦. અઢી વર્ષે મારી ચૂંટણી કરવામાં આવે છે.
૧૦. હું ભારતનો વારસો સમગ્ર વિશ્વમાં અદ્વિતીય છું.

## Question - 3

(A) નીચેના પ્રશ્નોના એક–બે વાકયોમાં જવાબ લખો.

૧. ભારતની પૂર્વે અને પશ્વિમે કયાં જળસ્વરૂપો આવેલા છે ?
૨. ખગોળીય નકશા કોને કહે છે ?
૩. નકશાનાં મુખ્ય અંગો કેટલા છે ? કયાં કયાં ?
૪. અર્થશાસ્ત્ર ગ્રંથમાંથી મૌર્ય સામ્રાજયની કઈ માહિતી મળે છે ?
૫. ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયાં આવેલો છે ?
૬. સમ્રાટ અશોકે કયા કયા દેશામાં બોદ્ધધર્મનો પ્રચાર કર્યો હતો ?
૭. અશોકે ગૌતમ બુધ્ધના કયા કયા સિધ્ધાંતોના પ્રચાર પર ભાર મૂકયો ?
૮. ગુપ્તયુગનો છેલ્લો રાજા કોણ હતો ?
૯. 'હર્ષ ચરિતમ્' ના લેખક કોણ હતા ?
૧૦. સમુદ્રગુપ્ત 'કવિરાજ' શાથી બન્યો હતો ?
૧૧. ગુપ્તયુગ 'સુવર્ણયુગ' શાથી બન્યો હતો ?
૧૨. હિમાલયની દક્ષિણે આવેલ મેદાન કઈ કઈ નદીઓએ બનાવ્યું છે ?
૧૩. ગુજરાતમાં યાયાવર પક્ષીઓ કયાં કયાં આવે છે ?
૧૪. ઉત્તર નું વિશાળ મેદાન કેવું છે ?
૧૫. ભારતમાં શિયાળાની ઋતુ કયારે હોય છે ?
૧૬. લોકશાહી એટલે શું ?
૧૭. આપણા દેશમાં ચૂંટાયેલી સરકારની મુદત સામાન્ય રીતે કેટલાં વર્ષની હોય છે ?
૧૮. 'સ્થાનિક' સ્વરાજયની સસ્થાઓ કોને કહે છે ?
૧૯. શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કઈ કઈ છે ?
૨૦. 'સરપંચ' કોને કહે છે ?
૨૧. પ્રાચીન સમયમાં સિંચાઈની વ્યવસ્થા કેવી હતી ?
૨૨. પ્રાચીન ભારતના લોકોનો ખોરાક શો હતો ?
૨૩. લલિત કલામાં કઈ કઈ કલાનો સમાવેશ થાય છે ?
૨૪. પરિવાર જીવનનિર્વાહ કેવી રીતે કરે છે ?
૨૫. રાણપુર ગામના મોટા ભાગના લોકો કયા વ્યવસાય કરે છે ?
૨૬. મેદાન એટલે શું?
૨૭. ટાપુ એટલે શું?

(B) કારણો આપો.

૧. સમુદ્રગુપ્ત વિદ્યાપ્રેમી અને સંગીતપ્રેમી હતો.

૨. સમુદ્રગુપ્ત મહાન વિજેતા હતો.

૩. ગુપ્ત રાજાઓ અઢળક સંપતિના માલિક બન્યા હતા.

(C) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

૧. સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન કયા કારણોસર થયું ?

૨. મેન્ગુવ જંગલ વિશે માહિતી આપો.

૩. પર્વતીય જંગલ વિશે માહિતી આપો.

૪. હિમાલયની પર્વતમાળા વિશે માહિતી આપો.

૫. ગ્રામપંચાયતનો વહીવટ કેવી રીતે થાય છે.

૬. પ્રાચીન સમયના વેપાર અને નવા માર્ગો વિશે જણાવે.

૭. નકશો કઈ રીતે ઉપયોગી છે ?

૮. સમ્રાટ અશોકે બૌધ્ધધર્મના પ્રચાર માટે શું કર્યુ ?

## Question -4

(A) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.

૧. નકશાના મુખ્ય અંગ જણાવી પ્રમાણમાપ વિશે લખો.

૨. રૂઢ સંજ્ઞાઓ એટલે શું ? તેનો શો ઉપયોગ થાય છે ?

૩. સમ્રાટ અશોક ઈતિહાસમાં એક મહાન રાજા શાથી કહેવાય છે.?

૪. ગુપ્તયુગની વિજ્ઞાન ક્ષેત્રની સિધ્ધીઓ શી હતી ?

૫. સાંસ્કૃતિક ક્ષેત્રે હર્ષવર્ધન નું પ્રદાન જણાવો.

૬. ભારતના દ્વિપસમુહો વિશે માહિતી આપો.

૭. ગ્રામપંચાયત ની રચના કેવી રીતે થાય છે ?

૮. બૌધ્ધર્ધમ અને જૈનધર્મના મહાન ગ્રંથો જણાવો.

૯. મહાનગરપાલિકાની રચના કેવી રીતે થાય છે ?

(B) ટૂંકનોંથ લખો.

૧. લોક અદાલત

૨. ગ્રામીણ અને નગરજીવન

૩. ભારતના સ્થાન વિશે

૪. મૌર્યવંશનો સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્ય

૫. મામલતદાર

૬. ગ્રામસભા

૭. ધર્મેતર સાહિત્ય

(C) નીચે આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો દર્શાવો.

→ પાટલીપુત્ર , તક્ષશિલા , સારનાથ , ગિરનાર , સાંચી

→ ગંગાનું મેદાન, અંદમાન–નિકોબાર ટાપુઓ , લક્ષદ્વિપ , અરબ સાગર , બંગાળનો ઉપસાગર

→ ગંગા નદી , નર્મદા નદી , તાપી નદી

→ સાસણગીર , નળ સરોવર , કાઝીરંગા ...અથવા...

(C) નીચે આપેલા ગામના નકશાને ધ્યાનથી જૂઓ નીચે આપેલ કૌષ્ટક પૂર્ણ કરો.

૧. મુખ્ય દરવાજો

૨. શાળા

૩. મોટું મંદિર

૪. દવાખાનું

૫. તળાવ

૬. મોટું વૃક્ષ

૭. ગામનો બગીચો

૮. પોસ્ટ ઓફિસ